# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

**India's National Spiritual Newspaper**

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

**Editor : S. SAM SELVA RAJ** | **16 Languages** | **Associate Editor : Bro. PANKAJ C. WADIA**

VOL: XXV | JANUARY 2024 | NO: 11


**પવિત્ર બાઈબલ**
**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**
**યર્મિયા ૩૧ : ૨૩-૨૮**

૨૩. સૈન્યોનો દેવ યહોવા, ઈસ્રાએલનો દેવ, કહે છે કે, જ્યારે હું તેઓનો બંદીવાસ ફેરવી નાખીશ, ત્યારે યહૂદિયાના દેશમાં તથા તેનાં નગરોમાં લોક ફરીથી આ આશીર્વચન કહેશે, હે ન્યાયનિકેતન, હે પવિત્ર પર્વત, યહોવા તને આશીર્વાદ આપો.

૨૪. યહૂદિયા તથા તેનાં નગરોમાં બધાં ભેગાં રહેશે; ખેડૂતો તથા જેઓ ઘેટાંના ટોળાંની સાથે ફરે છે, તેઓ પણ ત્યાં રહેશે.

૨૫. કેમ કે મેં થાકેલા જીવને તૃપ્ત કર્યો છે, તથા દરેક દુઃખી જીવને સમૃદ્ધ કર્યો છે.

૨૬. ત્યારે હું જાગ્યો, ને જોયું; અને મારી ઊંઘ મને મીઠી લાગી.

૨૭. યહાવા કહે છે, જુઓ, એવા દિવસો આવે છે કે જ્યારે હું ઈસ્રાએલના તથા યહૂદાના વંશમાં મનુષ્યનું બી તથા પશુનું બી વાવીશ.

૨૮. ત્યારે એવું થશે કે, જેમ ઉખેડવાને તથા ખંડન કરવાને, પાડી નાખવાને, નષ્ટ કરવાને તથા દુઃખ દેવાને મેં તેઓના પર નજર રાખી હતી; તેમ બાંધવાને તથા રોપવાને હું તેઓના પર નજર રાખીશ, એવું યહોવા કહે છે.

## તમે મારી કૃપાથી સંતોષ પામશો!

**એવું યહોવા કહે છે. યર્મિયા ૩૧:૧૪**

**YOU SHALL BE SATISFIED WITH MY GOODNESS!**
**says the Lord - Jeremiah 31:14.**

**ઈશ્વર તેમના બાળકોને, જેઓ તેમના જીવનોમાં ૨૦૨૪માં શું થવાનું છે તે જાણવા આતૂર છે, તેમને આ સંદેશા દ્વારા જણાવશે કે શું થવાનું છે. કૃપા કરીને કાળજીપૂર્વક વાંચશો!**

***માનદ મુખ્ય સંપાદક - રેવ. એન્જલાઈન સેલ્વાકુમારી***



ઈકો ઓફ હીજ કોલ પરિવારના સર્વ સભ્યોને સુખદ અને આશીર્વાદિત નવા વર્ષની સલામ!

અમાર ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ માટેના તમારા સતતના સમર્થન માટે તમારે ઘણો આભાર. ઈશ્વરે તેમની સર્વ ભલાઈ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા કૃપાળુ રીતે આપણને બીજા એક વર્ષ સાથે આશીર્વાદિત કર્યા છે. તે તો તમારી ઉત્સાહી પ્રાર્થનાઓ અને પ્રેમ ભેટો મારફતે છે કે અમે દુનિયાભરના હજારો લોકો સુધી પહોંચી શક્યા છીએ. અમે સદા તમારી સહાયતાને માટે આભારી છીએ. તમારા સમયના રોકાણ માટે અને તમારી આસુંભરી પ્રાર્થનાઓ દ્વારા જગતમાં આશાના શુભ સમાચારોને ફેલાવવા માટે ઈશ્વર તમને જ નહિ, પણ તમારી આવનાર પેઢીઓને પણ આશીર્વાદિત કરશે. આ ઈશ્વરના લોકો માટે ઈશ્વરના વચનની ખાતરી છે. આવો આપણે આ મહાન કાર્યને ચાલુ રાખવા માટે સાથે હાથો મીલાવીએ!

(અનુસંધાન પાન ૩ પર)




**ઈકો ઓફ હીજ કોલ**

**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**

દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

**તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*



REACHING NATIONS



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


**HON. EDITOR-IN-CHIEF**

Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

**MANAGING EDITOR**

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**GENERAL MANAGER**

Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.

**ADMINISTRATION**

Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

**EDITORIAL BOARD**

Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Sis. L. Mariya Anjalin, M.A., M.Sc., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran



**EDITOR, PUBLISHER & PRINTER**

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858
95661 31858

**E.MAIL**

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**

Echo of His Call


## તું તારા ઉપકારથી વર્ષને આબાદી બક્ષે છે

ગીતશાસ્ત્ર ૬૫:૧૧

પ્રભુઓ વહાલા પ્રિય ભાઈઓ તથા બહેનો,

**તમારા પર પુષ્કળ કૃપા તથા શાંતિ થાઓ.** ૧ પિતરનો પત્ર ૧:૨

આ સંપાદકિય કોલમમાં લખવાની મને તક આપવા બદલ હું ઈશ્વરનો આભારી છું. મારા પિતા, રેવ. સામ સેલ્વરાજ મુસાફરીમાં તથા અન્ય મિનિસ્ટ્રીજની ફરજોમાં ભારે વ્યસ્ત છે, તેથી તેમણે આ કામ મને સોપ્યું છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં અમારી સાથેના તમારા પ્રેમની અને ભાગીદારીની હું નિષ્ઠાપૂર્વક પ્રશંસા કરું છું.



*પાળક અલેક્સ સૅમસન સેમ*

ડિસેમ્બર ૨૦૨૩ના મહિના દરમિયાન, પ્રભુ ઈશ્વરે અમને અગણિત વણખેડાયેલા વ્યક્તિગત લોકો સુધી પહોંચવામાં અદ્દ્ભુત તકો પૂરી પાડીને આશીર્વાદિત કર્યા છે. અમારી નવા વર્ષની ભજનસેવાઓ પણ ઈશ્વરના આશીર્વાદોથી ભરપૂર થઈ હતી. અમે આત્મવિશ્વાસ ધરાવીએ છીએ કે વર્ષ ૨૦૨૪ તમારા માટે અને તમારા પરિવાર માટે વધુને વધુ ફળદાયી આશીર્વાદો લાવશે.

અમે તમારા માટે સતત પ્રાર્થના કરીએ છીએ અને તમારી સાથે અમારી **ઈકો ઓફ હીજ કોલ યૂટ્યુબ** ચેનલ મારફતે અંગ્રેજી, તામિલ, હિન્દી અને તેલગુમાં અમારા દરરોજના ભક્તિ સંદેશાઓ વહેંચીએ છીએ. વધુમાં, અમે અમારી પહોંચ બીજી ભાષાઓ સુધી વિસ્તારવાની મનોકામના રાખીએ છીએ. અમે **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીના વિકાસને માટે તમારી ઉત્સાહી પ્રાર્થનાઓ માટે આતૂરતાપૂર્વક વિનંતી કરીએ છીએ.



*નહેમ્યા બાઈબલ કોલેજના આગેવાનો*

અમે **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજને માટે તમારી પ્રાર્થનાઓ અને સહાયતા માટે ઊંડાણપૂર્વક પ્રશંસા કરીએ છીએ. આ સંદર્ભે, અમે અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ** વિશે તમને યાદ અપાવવા માગીએ છીએ, જ્યાં હાલમાં વર્ગો તામિલ તથા હિન્દીમાં ભરાવવામાં આવી રહ્યા છે. જ્યારે આપણે નવા વર્ષમાં પ્રવેશી રહ્યા છીએ, અમે અંગ્રેજી વિષયને પણ

ઉમેરીને કોલેજનું વિસ્તરણ કરવાની યોજના કહી રહ્યા છીએ. અમે જાહેર કરતા ઉત્તેજના અનુભવીએ છીએ કે અમે **એશિયા થીઓલોજીકલ અસોશિએસન** તરફથી, સન્માનીય અધિકૃત સંસ્થા તરફથી માન્યતાપત્ર મેળવવાનાં અંતિમ ચરણમાં છીએ. અમે તેમના તરફથી પહેલેથી જ અધિકૃત નોંધણી સભ્યપદ પ્રાપ્ત કર્યુ છે. કૃપા કરીને અમારા સહ-કાર્યકરો માટે પ્રાર્થના કરશો જ્યારે તેઓ અસરકારક રીતે **નહેમ્યા બાઈબલ કોલેજ**ને ચલાવી રહ્યા છે અને અમને બીજા સ્તરે લઈ જવામાં સહાયરૂપ થયા છે.

તેમ જ, કૃપા કરીને અમારી સર્વ મિનિસ્ટ્રીજને, એટલે **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજ, ૧૬ ભાષાઓમાંના માસિક સમાચારપત્રો, **બાઈબલકોર પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો, સેન્ટ પોલ મેટ્રીક્યૂલેશન સ્કૂલ**, સુવાર્તા છાપખાનું અને અમારી સાથી મિનિસ્ટ્રીઓ માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખશો.

**''યહોવા તને આશીર્વાદ આપો, ને તારું રક્ષણ કરો; યહોવા પોતાના મુખનો પ્રકાશ તારા પર પાડો, ને તારા પર કૃપા કરો; યહોવા પોતાનું મુખ તારા પર ઉઠાવો, ને તને શાંતિ આપો.''** ગણના ૬: ૨૪-૨૬

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એલેક્ષ સેમસન સામ**

**પાળક એસ. સામ સેલ્વ રાજ**

(+91) 98412 71858 / 98410 71858,
E.mail : sam@echoofhiscall.org

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

(પાન ૧થી આગળ...)

હું પ્રાર્થના કરું છું કે આ વર્ષે ભલા યહોવા પ્રભુ તમને ધાર્મિક ડહાપણ, સમજણ, સારું સ્વાસ્થ્ય, સામર્થ્ય અને મનની શાંતિ કૃપાળુ રીતે આપો કે જેથી તમે આ દુનિયાને દોરી શકો. તેઓ તેમની કૃપા સાથે તમને સંતોષ પમાડશે.

બાઈબલ કહે છે, **''...મારા લોક મારી કૃપાથી સંતોષ પામશે....''** યર્મિયા ૩૧.૧૪.

વર્ષના આરંભમાં પકડી રાખવા માટેની કેટલી સુંદર ખાતરી! મારા લોક સંતોષ પામશે, મારી કૃપા સાથે. તેનો અર્થ છે કે હું અસંતુષ્ટામાં અછતમાં કે અભાવમાં રહીશ નહિ. મારા ઈશ્વર આ વર્ષની મારી જરૂરીયાતો પૂરી પાડશે. આ વર્ષ ઈશ્વરની કૃપાનો અનુભવ કરવાનું વર્ષ હશે અને તેમની પૂરૂ પાડવાની વ્યવસ્થાથી સંતુષ્ટ રહેવાનું. **''...જે વાનાં આંખે જોયાં નથી, અને કાને સાંભળ્યાં નથી, જેઓ માણસના મનમાં પેઠાં નથી, જે વાના દેવે પોતાના પર પ્રેમ કરનારાઓને સારું સિદ્ધ કર્યા છે.''** ૧ કરિંથીઓને પત્ર ૨:૯. તે આમ છે કે કેવી રીતે ઈશ્વર આપણને આ વર્ષે દોરી લઈ જવાના છે. શું તમે ઉત્સાહિત નથી? હું ઘણી ઉત્સાહિત છું કારણ કે તેઓ તેમના વચનની ખાતરીઓ માટે વિશ્વાસુ છે.

## ઈશ્વરની કૃપા, ભલાઈ!

ઈશ્વર, આપણા સ્વર્ગીય પિતાએ આપણને ઘણી સારી બાબતોથી આશીર્વાદિત કર્યા છે. જો કે શેતાન આપણા મનોને ભરમાવવાનો પ્રયત્ન કરે છે અને આપણી ધારણાને વિકૃત કરે છે, જેથી આપણે આપણી આસપાસના આશીર્વાદોને અવગણીએ.

આવો આપણે એદન વાડીમાંના ઉદાહરણને તપાસીએ. ઈશ્વરે આદમ તથા હવાને આશીર્વાદ આપ્યો હતો અને ઉત્પતિ ૧: ૨૬-૨૮માં, ૩૧માં કહ્યું હતું,

**''અને દેવે કહ્યું કે, આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ; અને સમુદ્રનાં માછલાં પર, તથા આકાશનાં પક્ષીઓ પર તથા ગ્રામ્ય પશુઓ પર, તથા આખી પૃથ્વી પર, તથા પૃથ્વી પર પેટે ચાલનારાં સઘળાં પ્રાણીઓ પર તેઓ અમલ ચલાવે. એમ દેવે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન કર્યું; તેણે તેઓને નરનારી ઉત્પન્ન કર્યા. અને દેવે તેઓને આશીર્વાદ દીધો; અને દેવે તેઓને કહ્યું કે, સફળ થાઓ ને વધો, ને પૃથ્વીને ભરપૂર કરો ને તેને વશ કરો. અને સમુદ્રનાં માછલા પર, તથા આકાશના પક્ષીઓ પર, તથા પૃથ્વી પર ચાલનારાં સઘળા પ્રાણીઓ પર અમલ ચલાવો. અને દેવે જે સર્વ ઉત્પન્ન કર્યું તે તેણે જોયું અને જુઓ, તે ઉત્તમોત્તમ...''**

**વધુમાં ઈશ્વરે ઉત્પતિ ૨:૧૭માં આજ્ઞા આપી હતી, ''પણ ભલુંભૂંડું જાણવાના વૃક્ષનું તારે ખાવું નહિ; કેમ કે જે દિવસે તું ખાશે તે જ દિવસે તું મરશે જ મરશે.''**

ઈશ્વરે જાહેર કર્યુ હતુ કે આપણને દરેક બાબત પર આધિપત્ય રહેશે પણ આજના જગતમાં, ઘણી વાર એવું લાગે છે કે આપણી આસપાસની દરેક બાબત આપણા પર આધિપત્ય જમાવે છે, આપણા ફોનનો તથા તકનિકીઓનો પણ તેમા સમાવેશ છે.

ઈશ્વરના વચનોના શબ્દોને કેવી રીતે શેતાને મરડ્યા હતા, તેની નોંધ લોઃ **''... તમે નહિ જ મરશો; કેમ કે દેવ જાણે છે કે તમે ખાશો તે જ દિવસે તમારી આંખો ઊઘડી જશે, ને તમે દેવના જેવું ભલુંભૂંડું જાણનારા થશો.''** ઉત્પતિ ૩:૪,૫.

અહી, આપણે શેતાનની શબ્દોની ચાલાકીને જોઈએ છીએ, આદમ તથા હવાને એ વિચારથી લલચાવે છે કે તેઓ મરશે જ નહિ, પણ તેને બદલે ઈશ્વરના બરાબરીના થઈ જશે. શેતાને, ઈશ્વર જે પૂરૂ પાડી શકતા હતા, તેનાથી વધુ મોટું આપવાની રજૂઆત કરી હતી. આ યુક્તિ શા માટે પરિચિત લાગે છે? તેનું કારણ એ છે કે, આજે પણ શેતાન ઈશ્વરના માર્ગથી લોકોને ભટકવા તે જ સિંધ્ધાંતોનો વાપર કરે છે. તે દુન્યવી બાબતોને, જે આપણા પ્રેમાળ ઈસુ આપણને પૂરૂ પાડે છે, તેના કરતા વધુ સારી, મોટી અને વધુ શક્તિશાળી છે, એમ દર્શાવે છે.

આખરે, જ્યારે આદમ તથા હવા દુષ્ટની વાત સાંભળે છે, તેઓ તેમના જીવનોમાંની ઘણી મહત્વની બાબતને ગુમાવી દે છે.

**''ત્યારે તે બન્નેની આંખો ઊઘડી ગઈ - પણ તેઓએ તેમની શાંતિ અને આનંદ ગુમાવ્યા હતા, અને પોતાની જાતને સંતાડી દીધી હતી.''** (ઉત્પતિ ૩:૭-૧૦).

**''...માટે જે ભૂમિમાંથી તેને લીધો હતો તે ખેડવાને, યહોવા દેવે એદન વાડીમાંથી તેને કાઢી મૂક્યો.''** ઉત્પતિ

૩:૨૩. **"તારે લીધે ભૂમિ શાપિત થઈ છે; તેમાંથી તું તારા આયુષ્યના સર્વ દિવસોમાં દુઃખે ખાશે. તે કાંટા તથા કંટાળી તારે સારું ઉગાવશે અને તું ખેતરનું શાક ખાશે... તું ભૂમિમાં પાછો જશે ત્યાં સુધી તું તારા મોંનો પરસેવો ઉતારીને રોટલી ખાશે."** (ઉત્પતિ ૩:૧૭-૧૯).

તેમણે ઈશ્વરની કૃપા ગુમાવી દીધી હતી!!! ઈશ્વરની સાથે સંગત હોવાનો હર્ષ.

**આનંદ કે હર્ષ એ ઈશ્વરની કૃપા, ભલાઈની સાક્ષી છે.** (પ્રેરિતોનાં કૃત્યો ૧૪:૧૭).

તોપણ કલ્યાણ (કૃપા, ભલાઈ) કરતાં અને આકાશથી વરસાદ તથા ફળવંત ઋતુઓ તમને આપતા અને અન્નથી તથા આનંદથી તમારાં મન તૃપ્ત કરતાં તે પોતાને વિષે સાક્ષી આપ્યા વગર રહ્યો નથી.

આપણમાંના ઘણા આનંદ અને ખુશીને ગૂંચવતાં હોય છે. તેથી મેં તેમાં તફાવત શોધવા માટે સંશોધન કર્યુ.

* આનંદ કે હર્ષ નાનો શબ્દ છે. સુખકારી મોટો શબ્દ છે.
* આનંદ હૃદયમાં હોય છે. સુખ મોં પર હોય છે.
* આનંદ આત્મામાં હોય છે. સુખ થોડા પળ માટે હોય છે.
* આનંદ અપાર હોય છે. સુખ પ્રત્યાઘાત આપે છે.
* આનંદ શાંતિ અને સંતોષને સ્વીકારે છે. શોધવાની રાહ જુએ છે.
* આનંદ ઊંડે સુધી વહેતો રહે છે અને ઉભરાઈ જાય છે. જ્યારે સુખાકારી હાથ મિલાવે છે.
* આનંદ વર્તન અને વ્યવહાર છે. તે નાજૂક અને ઈરાદાપૂર્વક હોય છે. સુખ આવે છે અને મોજથી જતું રહે છે.
* આનંદ ગહન અને શાસ્ત્રોક્ત છે. "ચિંતા ન કરો, હરખાવો". સુખ બામ છે. "ચિંતા ન કરો, ખૂશ થાઓ".
* આનંદ આંતરિક લાગણી છે. સુખ બાહ્ય અભિવ્યક્તિ છે.
* આનંદ મુશ્કેલીઓ અને કસોટીઓ સહન કરે છે અને અર્થ અને હેતુ સાથે જોડાય છે.

**એક વ્યક્તિ આનંદને શોધે છે** પણ સુખ પસંદ કરે છે.

ઘણી વખત શાંતિ અને આનંદ સાથે સાથે હોય છે. જ્યારે ત્યાં શાંતિ હોય છે, ત્યાં આનંદ હોય છે અને જ્યાં આનંદ હોય છે ત્યાં શાંતિ હોય છે. તેઓ જોડીયા બહેનો જેવી છે. આનંદ ઈશ્વરની કૃપા છે અને તેમણે તેમના આનંદથી આપણા હૃદયોને ભરીને સંતોષ આપવાની ખાતરી આપી છે.

જેમ નહેમ્યા ૮:૧૦ કહે છે, **"યહોવાનો આનંદ તે જ તમારું સામર્થ્ય છે."**

જો કે, શેતાન ઈશ્વરની કૃપાની આપણી ધારણાને વિકૃત કરવાનો પ્રયત્ન કરે છે, જેમ તેણે હવા સાથે કર્યુ હતુ. શેતાન આપણને ઈશ્વર જે આપવા માગે છે તેના કરતા વધુ ઈચ્છા રાખવા માટે લલચાવે છે, જે દોરી જાય છે:

## ૧. અસંતોષ

ઈશ્વરે જે ખાતરી આપી હતી તેનાથી હવાને સંતોષ થયો ન હતો. અસંતોષ ઈશ્વરની કૃપા ભલાઈની વિરુદ્ધનો પ્રથમ શત્રુ છે. જ્યારે આપણે આપણક્ષ જાતને એમ કહેતા જોઈએ છે, "હું ઈચ્છતો હતો મને પણ તે મળે અથવા "મને વધુ જોઈએ છે", ત્યારે આપણે તે ઈશ્વરે જે આપણને આપ્યું છે, તેની પ્રશંસા કરતા નથી અને તેનાથી સંતુષ્ટ થતા નથી, પણ જો આપણે તેમ કરીશું, તો આપણે આનંદનો અનુભવ કરીશું.

રોમનોને ૧૫:૧૩ આપણને યાદ અપાવે છે કે, "હવે દેવ કે, જેના પર તમે આશા રાખો છો, તે તમને વિશ્વાસ રાખવામાં અખંડ હર્ષ તથા શાંતિથી ભરપૂર કરો, જેથી પવિત્ર આત્માના સામર્થ્યથી તમારી આશા પુષ્કળ થાય".

અસંતોષ આપણો આનંદ છીનવી લે છે, જે ઈશ્વરે જે વચનની ખાતરી આપી હતી, તેનાથી વિપરિત છે. તેને બદલે, આપણે ઈશ્વરની કૃપાથી સંતોષી રહેવાનું શીખવું જોઈએ. આવો ઈશ્વરે જે આપ્યું છે. તેમાં આનંદિત રહેવાનું શીખીએ અને સંતોષના આત્માને વિકસાવીએ અને આ વર્ષની શરૂઆતે આભારી રહીએ.

## ૨. નિરાશા!

બીજી એક ભ્રમણા જે શેતાન ઉત્પન્ન કરે છે, આપણો આનંદ લઈ લેવા તે "નિરાશા" છે. જ્યારે પણ ત્યાં અપેક્ષા હોય છે, ત્યાં નિરાશા હોવાની જ.

(આગળ પાન ૬ પર...)


# નિવાસી બાઈબલ અભ્યાસક્રમ
## નહેમ્યા બાઈબલ કોલેજ, ચૈનાઈ

માધ્યમ : हिंदी

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર
એશિયા થીઓલોજીકલ એસોસિએશન (ATA)

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

Certificate in Ministry
Diploma in Theology

શૈક્ષણિક પાત્રતા : ૧૦મું ધોરણ અને વધુ
પ્રવેશ લેવા ઝડપ કરો!
મહેરબાની કરીને સંપર્ક કરો

અધ્યક્ષ : નહેમ્યાહ બાઈબલ કોલેજો

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

✶ ONLINE CLASSES ARE AVAILABLE ✶

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જાન્યુઆરી ૨૦૨૪ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ જાન્યુઆરી:** અમને નાતાલ તથા નવા વર્ષની ઉજવણીઓ અમારા મુખ્ય ચર્ચમાં અને શાખા ચર્ચોમાં કરવામાં સહાયતા કરવામાં અમને અર્થપૂર્ણ અને અસરકારક રીતે ઉજવણી કરવામાં મંજૂરી આપવા માટે.

**૨૦ જાન્યુઆરી:** અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરની તેમની દયાને માટે.

**૨૧ જાન્યુઆરી:** અમારા મુખ્ય ચર્ચના તથા શાખા ચર્ચોના આગેવાનો પરના આશીર્વાદો માટે.

**૨૨ જાન્યુઆરી:** અમારા **વૈશ્વિક દર્શન** અને **જુવાનો અને બાળકોની સંભાળ મિનિસ્ટ્રી** પરના આશીર્વાદ માટે.

**૨૩ જાન્યુઆરી:** અમારા યુટ્યૂબ મિનિસ્ટ્રી પરના પાંચ મિનિટના સંદેશાઓ વણખેડાયેલા લોકો સુધી પહોંચી રહ્યા છે. તે પરના આશીર્વાદ માટે.

**૨૪ જાન્યુઆરી:** **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ**ની સર્વ પ્રવૃતિઓ માટે.

**૨૫ જાન્યુઆરી:** અમારા સામયિકને ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાવવા અને પ્રકાશિત કરીને બહાર મિશન વિસ્તારોમાં મોકલવાનાં આશીર્વાદો માટે.

**૨૬ જાન્યુઆરી:** અમારી પાછલા મહિનાની સર્વ નાણાકીય અને આત્મિક જરૂરીયાતો પૂરી પાડવા માટે.

**૨૭ જાન્યુઆરી:** અમારા બાહ્ય વિસ્તારના મિશનરીઓ અને તેમના કુટુંબોને આશીર્વાદિત કરવા માટે.

**૨૮ જાન્યુઆરી:** અમારા વડીલ પાળકની બહુવિધ મિનિસ્ટ્રીજની મારફતે સુવાર્તાના ફેલાવાની પ્રતિબધ્ધતા માટે.

**૨૯ જાન્યુઆરી:** અમારા **ઈકો ઓફ હીજ કોલ** કર્મચારી વર્ગ અને તેમના કુટુંબોને સારી તંદુરસ્તી અને દૈવી રક્ષણ પૂરૂ પાડવાના આશીર્વાદ માટે.

**૩૦ જાન્યુઆરી:** અમારી સર્વ ચર્ચ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે જુવાનોને ઉત્સાહ પૂરો પાડવા અને આશીર્વાદિત કરવા માટે.

**૩૧ જાન્યુઆરી:** અમારા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજને અને તેમના કુટુંબને સર્વ દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખવા માટે.

**૦૧ ફેબ્રુઆરી:** અમારા ભાગીદારોની પ્રાર્થના અને નાણાકીય સહાયતાથી અમને આશીર્વાદિત કરવા માટે.

**૦૨ ફેબ્રુઆરી:** અમારા સર્વ સહસંપાદકોને અને તેમના કુટુંબોના સભ્યોને આશીર્વાદિત કરવા માટે.

**૦૩ ફેબ્રુઆરી:** અમારા મુખ્ય ચર્ચમાંની અને શાખા ચર્ચોમાની રવિવારની ભજનસેવાઓમાં ઈશ્વરના વચનના સામર્થ્યને માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ ફેબ્રુઆરી:** સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ અને ચર્ચો, મંડળીઓ પરના આશીર્વાદ અને રક્ષણ માટે.

**૦૫ ફેબ્રુઆરી:** અમારા કાર્યાલયના કર્મચારીઓ અને છાપખાનાના કર્મચારીઓના સારા સ્વાસ્થ્ય માટે.

**૦૬ ફેબ્રુઆરી:** અમારી સાંધ્ય અને નિવાસી **નહેમ્યા બાઈબલ કોલેજ**ના વિદ્યાર્થીઓના રક્ષણ માટે.

**૦૭ ફેબ્રુઆરી:** અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યૂબ ચેનલ** પર વધુ ભાષાઓમાં પાળક એસ. સામ સેલ્વરાજના સંદેશાઓ પ્રસારિત થાય તે માટે.

**૦૮ ફેબ્રુઆરી:** અમારા સહ-કાર્યકરો જેઓ અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે શિક્ષણની અને અભ્યાસક્રમની સામગ્રીના અને અનુવાદમાં સંકળાયેલા છે તેઓ માટે.

**૦૯ ફેબ્રુઆરી:** ઈસ્રાએલ, પેલેસ્ટાઈન, રશિયા અને યૂક્રેનમાં શાંતિ માટે.

**૧૦ ફેબ્રુઆરી:** **નહેમ્યા બાઈબલ કોલેજ**ના પુસ્તકાલયના પુસ્તકોને કોહા સોફ્ટવેરમાં અપડેટ કરવા માટે.

**૧૧ ફેબ્રુઆરી:** અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોનું સર્વ પ્રકારના દુષ્ટ પરિબળોથી રક્ષણ કરવા માટે.

**૧૨ ફેબ્રુઆરી:** દુનિયાભરમાં જે આર્થિક મંદી ચાલી રહી છે તેનો અંત આવે તે માટે.

**૧૩ ફેબ્રુઆરી:** મિશનરીઓ અને ઈશ્વરના સેવકોની વિરુદ્ધ થતી હિંસા બંધ થાય તે માટે.

**૧૪ ફેબ્રુઆરી:** દુનિયાભરની સર્વ મહિલાઓ તથા બાળકોની સુરક્ષા માટે.

**૧૫ ફેબ્રુઆરી:** અમારા વડીલ પાળકની આત્મકથા લખવામાં સફળતા આપવા માટે.

**૧૬ ફેબ્રુઆરી:** **ઈકો ઓફ હીજ કોલ**ની જુવાનો અને બહારી મિનિસ્ટ્રીજને માટે.

**૧૭ ફેબ્રુઆરી:** આ વર્ષના **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**નાં જરૂરી ભંડોળને માટે.


**૧૮ ફેબ્રુઆરી:** દુનિયાભરના દેશોમાંથી કોરોના વાયરસ અને નવા ચેપી રોગોની નાબૂદીને માટે.

(પાન ૪ પરથી આગળ...)

આપણે ઘણીવાર અપેક્ષા રાખીએ છીએ કે ઈશ્વર આપણી પ્રાર્થનાઓનો જવાબ જેવી આપણે અપેક્ષા રાખી હોય તેવી જ રીતે આપે. જ્યારે આપણી ઈચ્છાઓ પરિપૂર્ણ થતી નથી, ત્યારે આપણે નિરાશ અને હતોત્સાહ થઈએ છીએ. જે સમસ્યાઓ અને પડકારોનો આપણે સામનો કરીએ છીએ તે આપણને વધુ નીચે પાડી નાખતા હોય તેમ લાગે છે અને તેથી આપણે નિરાશા અનુભવીએ છીએ. ઉદાહરણ તરીકે, આપણે કોઈ ચોક્કસ નોકરીની કે બઢતીની ઈચ્છા રાખતા હોઈએ પણ જ્યારે તે આપણે મેળવીએ છીએ, ત્યારે આપણને સમજાય છે કે તે તેના પોતાના પડકારો અને તણાવ સાથે લાવે છે. કામનો બોજ કદાચ વધુ પડતો હોય, અને હવે તે આપણી શરૂઆતની અપેક્ષાઓ સંતોષાતી ન હોય, જેમ કે, ‘‘મેં વિચાર્યુ હતું કે આમ હશે’’ અથવા ‘‘મેં ઈચ્છા રાખી હતી કે તે આમ હશે.’’

તણાવયુક્ત પરિસ્થિતિઓ કદાચ ન જોઈતી અપેક્ષાઓ તરફ દોરી જાય, કોઈ ખ્યાલ વગર આપણા માટે દુઃખનું કારણ અને ફરીયાદ બની જાય. તે પ્રક્રિયામાં, આપણે આનંદ અને શાંતિ ગુમાવીએ છીએ અને આ, મારા મિત્ર, તે કંઈક છે જે ઈશ્વર સહન કરી ન શકે.

ઈસ્રાએલીઓએ આનો અનુભવ કર્યો હતો, જ્યારે તેમણે મિસર છોડ્યુ હતું. ૪૩૦ વર્ષો સુધી યહોવા પ્રભુને પોકાર્યા


*મેઘસ્તંભ અને અગ્નિસ્તંભ*

પછી, **તેમણે તેઓને દિવસે તેઓને માર્ગ દેખાડવા સારું મેઘસ્તંભમાં અને રાત્રે તેમને અજવાળું આપવાને અગ્નિસ્તંભમાં દોર્યા હતા.** (નિર્ગમન ૧૩:૨૧). તેઓ આનંદથી ભરપૂર થઈ ગયા હતા અને એક આખો અધ્યાય (અધ્યાય ૧૫) તેમના


*તેઓએ કચકચ કરવાનું શરૂ કર્યું*

નામની સ્તુતિને સમર્પિત કરવામાં આવ્યો હતો. તેઓ નાચ્યા હતા, ગાયું હતું, આનંદ કર્યો હતો અને ઉજવણી કરી હતી.

યાદ રાખો, જ્યારે તમે ઈશ્વરની નજીક જાઓ છો, ત્યારે શેતાન તમારા માર્ગોમાં પડકારો અને કાંટા લાવશે. **તેઓએ પડકારનો સામનો કર્યો હતો જ્યારે તેમને અરણ્યમાં ત્રણ દિવસ સુધી પીવા માટે પાણી મળ્યું નહતું.** (નિર્ગમન ૧૫:૨૨) અને તેઓએ કચકચ કરવાનું શરૂ કર્યુ હતુ. જે ભલાઈ કૃપાથી ઈશ્વર તેમને બંધનમાંથી, શાપ અને ગુલામીમાંથી બહાર કાઢી લાવ્યા હતા, સ્વતંત્રતા આપતા, તે તેઓ ભૂલી ગયા હતા. તે કમનસીબી છે કે આપણે


*બાર ઝરા તથા સિત્તેર ખજૂરીઓ*

ટૂંકી યાદશક્તિને કારણે ઈશ્વરની કૃપાને સરળતાથી ભૂલી જઈએ છીએ.

**તેઓએ કચકચ કરવાનું શરૂ કર્યું.** (નિર્ગમન ૧૫:૨૪) આપણે કેટલી બધી વાર કચકચ કરી છે, ઈશ્વરની કૃપાને, ભલાઈને ભૂલી જઈને. ફક્ત ત્રણ દિવસ પાણી મળ્યું નહોતું અને તેથી તેમની અપેક્ષાઓ પૂરી થઈ નહોતી, તેને લીધે નિરાશા આવી હતી. નિરાશા આપણા આનંદને અને શાંતિને ચોરી લે છે.

પણ ઈશ્વરના માર્ગો આપણા વિચારો કરતા વધુ ઊંચા અને મહાન હોય છે. તેમની કચકચ હોવા છતાં, **ઈશ્વરે ફક્ત એક**

(આગળ પાન ૮ પર...)


## નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ
ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ

માધ્યમ : તામિલ

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

Certificate in Ministry
Diploma in Theology

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

પ્રવેશ લેવા ઝડપ કરો!
મહેરબાની કરીને સંપર્ક કરો

**Contact : The Chairman, Nehemiah Bible College.**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

વધુ માહિતી માટે અમારા પર લખો

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ


કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં
## Pit To Palace
(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)



## ચેન્નાઈ દીવાદાંડી
### CHENNAI LIGHT HOUSE!
### તમારા જીવનમાંનો અંધકાર ટૂંક સમયમાં તેજસ્વીતામાં પરાવર્તિત થશે!

ઘણા વર્ષો પહેલા, હું મારી મિનિસ્ટ્રીમાં વિવિધ દુઃખોથી ઘણો અસર પામ્યો હતો. તે સમયે, મારા મનમાં ઘણા પ્રશ્નો હતા. હું વિચારતો હતો કે હું બીજા માણસની જેમ આ દુનિયામાં જીવી શક્યો હોત અને યહોવા પ્રભુની મિનિસ્ટ્રીના સેવાકાર્યમાં દાખલ થયો ન હોત. જો મેં તેમ કર્યુ હોત, તો હું તે લોકોની સામે થઈ શક્યો હોત, જેઓ મારા જીવનમાં સમસ્યાઓના કારણ બન્યા હતા, મારી પોતાની રીતે, અને મારી પોતાની શક્તિથી. વધુમાં, મારી નાણાકીય સમસ્યાઓનો ઉકેલ લાવવા હું ટૂંકા રસ્તાઓ અપનાવી શક્યો હોત. હું આશ્ચર્ય પામું છું કે શું તે મારી પોતાની ઈચ્છા હતી કે હું યહોવા પ્રભુનો સેવક બનું કે એ તે ખરેખર મારા જીવનમાં ઈશ્વરનું તેડું હતું.

મારા મનમાં આવા વિચારો સાથે, હું ચેન્નાઈના મરીના બીચની દીવાદાંડી સામે છુંટણિયે પડ્યો અને ૧૯૭૬માં એક રાત્રીએ અંદાજે ૧૦ વાગે પ્રાર્થનામાં મલ્લયુદ્ધ કરતો હતો. તે મુશ્કેલ દિવસ દરમ્યાન મને કોઈ સહાય કરનારું ન હતું દરેક જણે મને છોડી દીધો હતો. મારી આંખો દીવાદાંડી પર ચોંટલી હતી.

દીવાદાંડીનો પ્રકાશ એવી બનાવટનો તૈયાર કરવામાં આવ્યો હતો કે તે એક ચોક્કસ ઝડપે ફરતી રહે જેથી કિનારે આવતા વહાણોને દોરવણી આપી શકે. જ્યારે ફરતા પ્રકાશનું હું નિરિક્ષણ કરી રહ્યો હતો. ત્યારે મેં નોંધ્યું કે તે દર ૧૫ સેકંડો માટે ચમકતો રહેતો હતો અને બીજી ૧૦ સેકંડો માટે ઝાંખો થઈ જતો અને અંધકારમય થઈ જતો હતો.



જ્યારે હું આ વારાફરતી થઈ રહેલા પ્રકાશના તથા અંધકારના બનાવટનું નિરિક્ષણ કરી રહ્યો હતો, ત્યારે મને એક નવો દ્રષ્ટિકોણ મળ્યો અને તે મને પ્રોત્સાહિત કરી રહ્યો હોય તેમ લાગ્યું. વધુમાં, મને ઈશ્વર તરફથી સ્પષ્ટ સંદેશો પ્રાપ્ત થયો હતો, એમ કહેતા, "તારા જીવનમાંનો અંધકાર થોડા જ સમયમાં પ્રકાશમાં બદલાઈ જશે".

વહાલા વાચક, શું તમે તમારી જાતને મોટા જોખમમાં જુઓ છો કે શું તમે ભયાનક દુઃખનો સામનો કરી રહ્યા છો? નિરાશ ન થાઓ! પ્રકાશ અને અંધકાર કદાચ આવશે અને જશે, પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત સર્વ સમયે સતત એવા જ રહેશે. તેઓ ગઈકાલે, આજે અને સર્વકાળ એવાને એવા જ છે. આપણા પિતૃઓ ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબના ઈશ્વર તમારો હાથ પકડી રાખશે, તમારું રક્ષણ કરશે અને તમારો બચાવ કરશે.

ફક્ત તેમનામાં વિશ્વાસ રાખો!

*******

(પાન ૬ પરથી આગળ...)

**કુવા કે ઝરાની વ્યવસ્થા જ ન કરી પણ ઈસ્રાએલ લોકો માટે બાર કુવાઓની, ઝરાઓની વ્યવસ્થા પૂરી પાડી હતી.** (નિર્ગમન ૧૫:૨૭). દરેક કુળને માટે એકેક, એમ મને લાગે છે. ઈશ્વરે તેમની વચ્ચે વિવાદ થવાની સંભાવવાની પૂર્વ કલ્પના કરી હતી અને ભરપૂર પ્રમાણમાં પૂરૂ પાડ્યું હતું, જેથી તેઓ ત્યાં પાણીની પાસે છાવણી કરી શકે.

જો આપણે બાઈબલમાં જોઈશું, તો આપણે જોઈ શકીએ છીએ કે ઈશ્વરના સઘળા મહાન લોકોએ નિરાશામાંથી પસાર થવું પડ્યું હતું. ઈબ્રાહિમ, નૂહ, યાકૂબ, શમુએલ, એલી, હાન્ના, યર્મિયા, દાઉદ, અયૂબ, નહેમ્યા, પિતર, પાઉલ અને ઘણા બધા વધુ સામર્થ્યવાન વ્યક્તિઓએ ઈશ્વરના રાજ્યમાં નિરાશા અને ભંગિતપણાનો અનુભવ કર્યો હતો. તે તો આ પરિક્ષણો મારફત હતું કે તેમના વિશ્વાસની પરીક્ષા કરવામાં આવી હતી અને શુદ્ધ કરવામાં આવ્યા હતા, આખરે, તે તેમને તેમના વિકાસ તરફ અને ઈશ્વર પરના વધુ ઊંડાણના નિર્ભરતા તરફ દોરી લઈ ગયા હતા. પણ તેમની નિરાશાઓની મધ્યે, ઈશ્વરે તેમની યોજનાને પરિપૂર્ણ કરી હતી. તેઓ આ વર્ષે તેજ તમારા જીવનમાં પરિપૂર્ણ કરવા સમર્થ છે. ઈશ્વર પાસે યોજના છે તમારી નિરાશાઓ અને ભંગિતપણા છતાં પણ. શું આજે તમે નિરાશા અનુભવો છો? શું તમને ભંગિતપણા જેવું લાગે છે? વિસામાની ખાતરી સાથે, ઈશ્વર પડદા પાછળ કામ કરી રહ્યા છે. આશા ગુમાવશો નહિ. તેમણે તમને તેમના હાથોમાં કોતરી લીધા છે. અને તેઓ તમને ભૂલી જશે નહિ. તેમણે જે તમારા જીવનમાં શરૂ કર્યુ છે, તે તેઓ પૂરૂ કરશે.

### ૩. નાઉમેદ / નાહિંમત

ત્રીજુ હથિયાર જે શેતાન તમારા જીવનોમાંથી ઈશ્વરની કૃપાને ચોરવા ઉપયોગ કરે છે તે છે નાઉમેદ/નાહિંમત.

આપણે માર્થા અને મરિયમની વાર્તામાં આનું ઉદાહરણ જોઈ શકીએ છીએ,



*માથક તથા મરિયમે ઈસુ ખ્રિસ્તને ફરીયાદ કરી*

જ્યારે તેઓ ઈસુને ફરીયાદ કરે છે, ‘‘પ્રભુ, જો તું અહીં હોત, તો મારો ભાઈ મરત નહિ.’’ યોહાન ૧૧:૩૨. કેટલીક વખત, ઈશ્વર આપણને નુકસાન થવાની મંજૂરી આપે છે, જેમ કે વહાલાઓની ખોટ. પાછલા વર્ષમાં આપણામાંથી કેટલાક આમાંથી પસાર થયા હોઈશું અને તે ઘણું બધુ નિરાશ, નાઉમેદ કરનાર હોઈ શકે છે. આપણે પ્રશ્ન કરીએ છીએ કે ઈશ્વરે કેમ દરમિયાનગીરી ન કરી. કેમ તેમણે આપણી પ્રાર્થનાઓનો જવાબ આપ્યો નહિ. જો કે, બાઈબલ આપણને યાદ અપાવે છે કે **ઈસુ રડ્યા હતા** યોહાન ૧૧.૩૫. આપણી પાસે પ્રમુખ યાજક છે કે જેઓ આપણા દુઃખ, આંસુઓ અને ભંગિતપણાને સમજે છે. **‘‘કેમ કે આપણી નિર્બળતા પર જેને દયા આવી શકે નહિ એવો નહિ, પણ સર્વ વાતે જે આપણી પેઠે પરીક્ષણ પામેલો છતા નિષ્પાપ રહ્યો એવો આપણો પ્રમુખયાજક છે.** (હિબ્રૂઓને પત્ર ૪:૧૫).

જ્યારે તમે રડો છો, ત્યારે ઈસુ રડે છે, તેઓ તેજ પીડા અનુભવે છે અને તેઓ તમારા પરીક્ષણોની મધ્યે તમારી સાથે હોય છે, કારણ કે તેઓ જાણે છે કે તે વિશ્વાસ ઉત્પન્ન કરે છે. તેથી, નાઉમેદ ન થાઓ. ઈશ્વરે તેમનું બેથાનીમાં આવવામાં વાર લગાડી હતી કારણ કે તેઓ આપણો વિશ્વાસ મજબૂત કરવા માગતા હતા અને બતાવવા માગતા હતા કે તેઓ આપણા જીવનોનાં અગ્રેસર છે. તેમણે જાહેર કર્યુ છે કે, **‘‘પુનરુત્થાન તથા જીવન હું છું.’’** યોહાન ૧૧.૨૫. આ સત્યને દર્શાવવા માટે, કોઈક મરવાનું હતું, ભાઈ, મિત્ર, દીકરો, પતિ, પિતા – જેથી તેઓ આપણને ખંતીલાપણુ, ધીરજ રાખવાનું શીખવી શકે.

બાઈબલ આપણને પ્રોત્સાહન આપે છે, **‘‘જ્યારે તમને તરેહ તરેહનાં પરીક્ષણો થાય છે ત્યારે તેમાં પૂરો આનંદ માનો; કેમ કે તમે જાણશે છો કે તમારા વિશ્વાસની પરીક્ષામાં પાર ઊતાર્યાથી ધીરજ ઉત્પન્ન થાય છે.’’** (યાકૂબનો પત્ર ૧:૨,૩). તેથી આપણે આપણા વિશ્વાસને છોડી દેવો ન જોઈએ. આપણે છોડી દેનારા નથી!

આ વર્ષે, ઈશ્વર જે તમે ભૂતકાળમાં છોડી દીધું હતું, તે ફરી શરૂ કરવા સમર્થ કરશે. તે પુનઃબાંધકામનું વર્ષ હશે, જ્યાં તમે બાબતોને પૂર્ણ થતા જોશો અને સંપૂર્ણ રહી જતા જોશો નહિ.

ઈશ્વર તમારા પરીક્ષણો, પરાજ્યો, શરમો અને નિષ્ફળતાઓ મધ્યે તમારી સાથે ચાલી રહ્યા છે. તેઓ તમારી સાથે અગ્નિમાં ચાલનાર ચોથા પુરૂષ છે. આ તે વર્ષ છે, જ્યાં તમે તમારાં ધીરજના ફળ જોશો.

તેથી, વહાલા ભાઈઓ તથા બહેનો, જ્યારે તમે પરીક્ષણોનો અને નિરાશાઓનો સામનો કરો છો, જ્યારે દુઃખ તમારી શાંતિ અને આનંદ છીનવી લે છે અને જ્યારે બાબતો યોજના મુજબ થતી નથી, ત્યારે તેને શુદ્ધ આનંદ તરીકે ગણવાનું યાદ રાખો. આ તે છે જે બાઈબલ આપણને શીખવે છે. આપણી પાસે પ્રમુખયાજક છે જે આપણી સાથે આ બધામાંથી જશે. ત્યાં અગ્નિમાં મારી સાથે, તમારી સાથે બાજુમાં બીજા એક જણ ઉભા છે. ઈશ્વરની કૃપા તે મધ્યે શાંતિ અને આનંદ લાવે છે કારણ કે તેઓ શાંતિના સરદાર છે.

તમે એકલા નથી અને તમે એકલાએ તેનો સામનો કરવાનો નથી.

છોડી દેશો નહિ, ધીરજ, ખંત રાખો



*ઈસુ ખ્રિસ્ત શાંતિ અને આનંદ લાવે*

અને તમે ત્યાંથી પડી ગયા છો, ત્યાંથી ઊભા થાઓ.

શેતાન તમને જૂઠાણાં કહે છે, પણ તે સાંભળશો નહિ. ઈશ્વર જાણે છે અને તેઓ મંજૂરી આપે છે !


# URGENT NEED

## VICE PRINCIPAL & TEACHERS for

**ST. PAUL'S MATRICULATION SCHOOL,**
**An *Echo of His Call* Institution**
**Vijayanagaram, Medavakkam,**
**Chennai - 100.**

We need well qualified, experienced, dedicated, hard working and mission oriented Christians.
Apply with Bio-data to
E.mail: sam@echoofhiscall.org
WhatsApp: (+91) 98412 71858

# તાત્કાલિક

**અમને અમારા નહેમ્યા બાયબલ કૉલેજો માટે લગભગ ૧૦૦૦ હિન્દી ખ્રિસ્તી પુસ્તકોની જરૂર છે. કૃપા કરીને અમને થિયોલોજીકલ હિન્દી પુસ્તકોની પ્રાપ્તિની શક્યતા જણાવો.**

- Pr. S. Sam Selva Raj, Editor
+91-98412 71858

# લાઈબ્રેરી માટે પુસ્તકોની જરૂરીયાત

અમને અમારા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** અને **નહેમ્યા બાઈબલ કોલેજો**ની લાઈબ્રેરી માટે તામિલ, અંગ્રેજી અને હિન્દી ભાષામાં પુસ્તકોની જરૂર છે. જો તમારી પાસે નવા કે જુના પુસ્તકો સારી સ્થિતિમાં હોય અને તે તમે દાન કરવા ઈચ્છતા હો, તો કૃપા કરીને અમારો સંપર્ક કરશો.

- Pr. S. Sam Selva Raj, Editor
+91-98412 71858

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### 1. Bank : State Bank of India

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### 2. Bank : ICICI Bank

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### 3. Bank : State Bank of India

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

**અમારૂં સરનામું ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/24-26**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**

**on 16th JANUARY 2024**

**If un-delivered please return to:**

**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

## *JESUS LOVES YOU!*

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**